E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 322 * Date: 12.09.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ૧૫ વર્ષ જૂના વાહન અંગે મોટો નિર્ણય લેવાની તૈયારીમાં કેન્દ્ર સરકાર



કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં પોતાની ત્રણ વર્ષ જૂની વાહન સ્ક્રેપિંગ નીતિમાં ફેરફાર કરી શકે છે અને ૧૫ વર્ષથી વધુ જૂના વાહનોને રાહત આપી શકે છે. સરકારી અધિકારીઓ અનુસાર ફિટનેસ ટેસ્ટ કેન્દ્રો દ્વારા અયોગ્ય જાહેર થવા પર આવા વાહનોને સ્ક્રેપ કરવાનો જરૂરી નિયમ સંશોધિત કરવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર હવે વાહનને સ્ક્રેપ કર્યા પહેલાં તેની ઉંમરના બદલે પ્રદૂષણ સ્તર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું લક્ષ્ય રાખે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (ર્સ્ઈઁૐ) વાહન સ્ક્રેપિંગ નિયમમાં આ ફેરફાર કરવા માટે વાહનોની પ્રદૂષણ તપાસને વિશ્વસનીય બનાવવાનું આયોજન બનાવી રહ્યા છે. ર્સ્ઈઁૐમાં સચિવ અનુરાગ જૈને મંગળવારે સોસાયટી ઑફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચર્સ દ્વારા આયોજિત વાર્ષિક સંમેલન દરમિયાન આ સંબંધિત ઓટો ઉદ્યોગમાં મદદ માગી.

ભારતમાં ૨૦૨૧માં વાહન સ્ક્રેપિંગ નીતિ શરુ કરવામાં આવી હતી. જેથી પ્રદૂષણના સ્તરને ઘટાડવા માટે જૂના અને પ્રદૂષણ ફેલાવનાર વાહનોને રસ્તા પરથી હટાવી શકાય. નીતિના દિશાનિર્દેશો અનુસાર ૨૦ વર્ષથી વધુ જૂના ખાનગી વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના વ્યાપારી વાહનોને વધુ ફિટનેસ કેન્દ્રો પર જરૂરી ફિટનેસ તપાસથી પસાર થવું પડશે. જો તપાસના પરિણામ નકારાત્મક છે તો વાહનોને સ્ક્રેપયાર્ડમાં મોકલવા પડશે. સંમેલનમાં જૈને કહ્યું કે આ પગલું વાહન માલિકોની પ્રતિક્રિયા બાદ ઉઠાવવામાં આવ્યું છે. નિયમને નક્કી ઉંમર સુધી પહોંચનાર વાહનોની તુલનામાં પ્રદૂષણ ફેલાવનાર વાહનો પર વધુ ધ્યાન આપવું જોઈએ. જ્યારે તમે એક નીતિ લઈને આવો છો કે ૧૫ વર્ષ બાદ સ્ક્રેપિંગ જરૂરી છે તો લોકો આપણી પાસે એક સવાલ લઈને આવે છે જો તમે પોતાના વાહનની સારસંભાળ સારી કરી છે તો તમે મારું વાહન કેમ સ્ક્રેપ કરવા માગો છો? તમે જરૂરી કરી શકતા નથી.

આને સંભવ બનાવવા માટે વાહનોની પ્રદૂષણ તપાસ પણ કડક હોવાની જરૂર છે. જૈને એક શ્રેષ્ઠ પ્રદૂષણ તપાસ તંત્ર વિકસિત કરવા માટે ઉદ્યોગથી મદદ માગી. 'આપણે એ નક્કી કરવું પડશે કે પ્રદૂષણ પરીક્ષણ કંઈક એવું બની જાય જે વિશ્વસનીય હોય. હું તમને સૌને પ્રદૂષણ તપાસના કાર્યક્રમને ડિઝાઈન કરવામાં અમારી મદદ કરવાની વિનંતી કરું છું. આપણે સૌ જાણીએ છીએ કે પ્રમાણપત્ર કેવી રીતે મેળવી શકાય છે.'વાહન સ્ક્રેપિંગ નિયમોમાં સુધારો કરવાની યોજના કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની ટિપ્પણીની વચ્ચે આવી છે. વાહન સ્ક્રેપિંગ સિસ્ટમ દ્વારા ઓટો ઉદ્યોગને વેચાણમાં ૧૮ ટકાના વધારાનો લાભ થઈ શકે છે.

# ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકામાં રાજા સ્વરુપે દ્વારકાધીશ તરીકે પુજાય છે

ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકામાં રાજા સ્વરુપે દ્વારકાધીશ તરીકે પુજાય છે. અને એક અલગ ઠાઠ અને વૈભવ સાથે ઠાકોરજી ને અહીં સેવા પુજા કરવામાં આવે છે.

ભગવાન શ્રી દ્વારકાધીશ મંદિર ની પરંપરા મુજબ અહીં ભગવાન ને ૧૧ ભોગ અને ૪ આરતી ની સરાભરા સાથે નો આખા દિવસ નો સેવા ક્રમ રહે છે.

મધ્ય ગ્વાલ ભોગ

રાજ ભોગ,બંટા ભોગ,સાંજના સત્ર ભોગ સેવા

ઉત્થાપન ભોગ,સંધ્યા ભોગ,શ્યામ ભોગ,શ્યામ બંટા ભોગ

આખો દિવસ તમામ ૧૧ ભોગ અને ૪ આરતીઓ


સવારે ૭ ભોગ ૪ સાંજે ૪ ભોગ

સવારનું સત્ર ભોગ સેવા

મંગલા ભોગ, માખાંન / મિસરી ભોગ,સ્નાન ભોગ,શ્રૃંગાર ભોગ ,મધ્ય ગ્વાલ ભોગ,રાજ ભોગ,બંટા ભોગ,સાંજના સત્ર ભોગ સેવા

ઉત્થાપન ભોગ

ભક્તો એની શ્રધ્ધા ભક્તિ મુજબ ભોગ લખાવી તેનો પ્રસાદ મેળવી શકે છે. કેટલાક ભક્તો આખા દિવસ ની સેવા ભોગ પણ લખાવે છે. આ ઉપરાંત કેટલાક ભક્તો વિશેષ ભોગ જેમકે અન્નકૂટ, કુંડલા ભોગ, છપ્પન ભોગ કુંડવાળા, સૂકા મેવા વેગેરે વિશેષ ભોગ ની સેવા પણ અર્પણ કરવામાં આવે છે. જે માટે પુજારી નો અગાઉ થી સંપર્ક કરવો પડે છે.૪ આરતી સવારે ૬:૦૦ વાગ્યે ઠાકોરજી ને મંગલા આરતી સાથે જગાડવા આવે છે.? ત્યારબાદ ૧૧ વાગ્યે ઠાકોરજીને શૃંગાર પૂર્ણ થઈ જાય એટલે ૧૧ વાગ્યે શૃંગાર આરતી કરવામાં આવે છે.સાંજે ૮:૦૦ વાગ્યે સંધ્યા આરતી અને ૮:૪૫ એ સંધ્યા આરતી કરવામાં આવે છે.




# બનાસકાંઠાના કાંકરેજમાં મોટી ખનીજચોરીનો પર્દાફાશ, ગ્રામજનોએ વોચ ગોઠવીને કર્યો ભાંડાફોડ, અનેક ટ્રક જપ્ત

બનાસકાંઠામાં મોટાપાયે નદીના પટમાંથી બિન અધિકૃત રીતે રેતી ખનન અને ખનીજ ચોરીનું રેકેટ ચાલી રહ્યું છે. ત્યારે ફરી એકવાર બનાસકાંઠાના કાંકરેજના અરણીવાડામાં ખનન ચોરીનો મોટો પર્દાફાશ થયો છે. આ વખતે પોલીસે કે તંત્ર દ્વારા નહી પરંતુ ગ્રામજનોએ જાતે જ વોચ ગોઠવી મોટી ખનન ચોરીને ઝડપી પાડી છે. આ અગાઉ મહિના પહેલાં પણ ખાણ ખનિજ વિભાગે કાંકરેજના અરણીવાડા-ઈમુડેઠા રોડ પરથી ગેરકાયદે રીતે રેતી ભરીને જઈ રહેલા ૬ ને ઝડપી ૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના અરણીવાડામાં રોયલ્ટી વિના ખનન ચોરી થઈ રહી હતી. ત્યારે ગ્રામજનોએ જાતે જ વોચ ગોઠવી અરણીવાડા ગામની સીમમાંથી પસાર થતી ટ્રકોને ઘેરી લીધી હતી. લાખોની ખનન ચોરીને અટકાવી તંત્રને થતાં મોટા આર્થિક નુકસાનથી બચાવી લીધું છે. ગ્રામજનોએ ખનન ચોરી કરીને નીકળી રહેલી અનેક ટ્રકોને ઘેરી લીધી હતી. ત્યારબાદ રેતી ભરેલી ટ્રકોને ઉભી રાખી ખનીજ વિભાગને જાણ કરી હતી. આ ઘટનાની માહિતી મળતાં જ ખનીજ વિભાગ અને પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. કોની રહેમથી આ ખનીજ ચોરી થઈ રહી છે તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ અત્યાર સુધીની સૌથી મોટી ખનીજ ચોરીનો પર્દાફાશ થતાં ભૂ માફિયાઓ ભૂગર્ભમાં ઘૂસી ગયા છે. બનાસકાંઠા જિલ્લામાં ખાણખનીજ વિભાગ દ્વારા સમયાંતરે દરોડાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમછતાં રેતીચોરી ચાલુ રહેતા ખાણખનીજ વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.અઠવાડિયા પહેલાં ડીસાના મામલદાર ફરિયાદ ગેરકાયદે રેતીની ચોરી થતી હોવાની ફરિયાદ મળી હતી. જેના આધારે રેડ પાડીને ટ્રક, ડમ્પર,





મશીન, રેતીનો જથ્થો સહિત અંદાજે છ કરોડ કરતાં વધુનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. તેમજ ગેરકાયદે રેતી ખનન કરતાં ઈસમો અને વાહન માલીકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૭ મહિના બાદ સીઝફાયરનું ઉલ્લંઘન


૧૦-૧૧ સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ ૨:૩૫ વાગ્યે પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. જવાબમાં બીએસએફના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે.બીએસએફના પ્રવક્તાએ કહ્યું કે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને કેટલું નુકસાન થયું તે હજુ જાણી શકાયું નથી. આ ઘટના બાદ બીએસએફના જવાનો સરહદ પર કડક ચાંપતી નજર રાખી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બરે યોજાનાર પ્રથમ તબક્કાના મતદાનના ૭ દિવસ પહેલા સીઝફાયરનું ઉલ્લંઘન થયું છે. જેના કારણે બીએસએફના જવાનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના ??રોજ યુદ્ધવિરામ કરારનું નવીકરણ કરવામાં આવ્યું હતું. આ પછી પાકિસ્તાને ૪ વખત તેનું ઉલ્લંઘન કર્યું છે. છેલ્લી ફાયરિંગ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જમ્મુના મકવાલમાં થઈ



હતી. જોકે, કોઈને ઈજા થઈ ન હતી.


૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪: ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦ મિનિટ સુધી ગોળીબાર થયો, કોઈ ઘાયલ નથી ૧૪ ફેબ્રુઆરીએ સાંજે ૫.૫૦ કલાકે પાકિસ્તાની રેન્જર્સે જમ્મુના મકવાલમાં બીએસએફની ચોકી પર ગોળીબાર કર્યો હતો. મ્જીહ્લએ પણ આ ફાયરિંગનો જવાબ આપ્યો હતો. બીએસએફ અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ ૨૦ મિનિટ સુધી બંને તરફથી ગોળીબાર થયો હતો. જો કે આ ગોળીબારમાં બીએસએફનો કોઈ જવાન ઘાયલ થયો નથી.૮ નવેમ્બર ૨૦૨૩ના રોજ, પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં નયનપુર પોસ્ટ પર ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં બીએસએફના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. ગોળીબારમાં બીએસએફ જવાન લાલ ફર્ન કીમા ઘાયલ થયા હતા. તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

# કોચિંગથી પાછી આવતી વિદ્યાર્થીનીને બદમાશો ઉપાડી ગયા, ૨ દિવસ બંધક બનાવી આચર્યું દુષ્કર્મ



બિહારના રોહતાસમાં કોચિંગથી પાછી આવતી વિદ્યાર્થિનીને બદમાશોએ કિડનેપ કરી લીધી અને બે દિવસ સુધી બંધક બનાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું. જ્યારે વિદ્યાર્થિની ઘરે પરત ફરી તો માતા-પિતાને સમગ્ર ઘટનાની જાણકારી આપી. તે બાદ પીડિતાના પિતાએ પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.રોહતાસ જિલ્લાના કોચસ બજારમાં કોચિંગથી પરત ફરી રહેલી વિદ્યાર્થિનીને કિડનેપ કરીને તેની સાથે દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. ત્રણ બદમાશોએ હથિયારના બળે વિદ્યાર્થિનીને બાઈક પર બેસાડીને લઈ ગયા. પછી તેને બે દિવસ સુધી બંધક બનાવીને રાખી અને તેની પર દુષ્કર્મ આચરતાં રહ્યાં. વિદ્યાર્થિનીના પિતાએ ત્રણ લોકો વિરુદ્ધ કોચસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પીડિત વિદ્યાર્થિની અનુસાર તે કોચિંગ બાદ કોચસ ચોકના દિનારા રોડ પર ઊભી હતી. આ દરમિયાન ભોજપુર જિલ્લાના મઝિઆવનો રહેવાસી પ્રકાશ કુમાર, અમૈસીડીહરાનો રહેવાસી અનિલ કુમાર અને ઉસરાવનો રહેવાસી બિટ્ટુ કુમાર ત્યાં પહોંચ્યા.

# દિલ્હી-NCRમાં જોરદાર ભૂકંપ, ઉત્તર પ્રદેશથી લઈને કાશ્મીર સુધી ધરતી ધ્રૂજતાં લોકો ભયભીત




આજે દિલ્હી-દ્નઝ્રઈમાં જોરદાર ભૂકંપ આવ્યો છે. યુપીથી કાશ્મીર સુધી ધરતી ધ્રૂજી રહી છે. ભૂકંપના આ આંચકા હરિયાણા, પંજાબથી લઈને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી અનુભવાયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાનમાં હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ નોંધાઈ હતી. જો કે, હાલમાં આ ભૂકંપના કારણે કોઈ નુકસાન થયું હોવાના સમાચાર નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલૉજીએ આ માહિતી આપી હતી.

ઉત્તર ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના આંચકા

મળતી માહિતી પ્રમાણે બુધવારે બપોરે ઉત્તર ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પાકિસ્તાનના પેશાવર, ઈસ્લામાબાદ અને લાહોરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. તો અહીં ભારતમાં, દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, જમ્મુ અને કાશ્મીરમાં ધરતી ધ્રૂજતાં લોકો ભયભીત થઈ ગયા હતા.

## તંત્રી લેખ.....

# ભારતીયોએ ક્રિપ્ટોકરન્સીમાં રૂ. ૪૦૦ કરોડ ગુમાવ્યા

વૈશ્વિક કરન્સીઓનું સ્થાન મેળવવાની ઘેલછાએ માર્કેટમાં ઉતારવામાં આવેલ ક્રિપ્ટોકરન્સી પર કોઈ પણ ફાઈનાન્શિયલ માર્કેટ રેગ્યુલેટરનો અંકુશ નથી. ક્રિપ્ટોકરન્સીને એક કરન્સીને સ્થાપિત કરવાને બદલે તેનો હવે દિવસે ને દિવસે દુરૂપયોગ વધી રહ્યો છે અને ચોતરફ છેતરપિંડી માટેનું મુખ્ય સાધન બનતું જઈ રહ્યું છે. ૨૦૨૩માં વિશ્વમાં ક્રિપ્ટોમાં છેતરપિંડીથી નુકશાન ૪૫% વધ્યુ છે. જે પૈકી ભારતીયોએ ક્રિપ્ટોકરન્સીમાં રૂ. ૪૦૦ કરોડ ગુમાવ્યા હતા.

તાજેતરના એફબીઆઈના અહેવાલ અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સ સહિત વિશ્વભરમાં ક્રિપ્ટોકરન્સી સંબંધિત છેતરપિંડીમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૩માં આ કૌભાંડોથી થતા નુકસાનમાં કુલ ૪૫ ટકાનો વધારો થયો છે અને છેતરપિંડીનો આંકડો ૫.૬ અબજ ડોલરને પાર કરી ગયો છે. સૌથી વધુ અમેરિકા અને ત્યારબાદ કેનેડા અને યુકેમાંથી સૌથી વધુ ફરિયાદો મળી છે.એફબીઆઈના અહેવાલ મુજબ ક્રિપ્ટોકરન્સી સંબંધિત ફરિયાદોની સંખ્યાના સંદર્ભમાં ભારત વૈશ્વિક સ્તરે પાંચમા ક્રમે છે. ૨૦૨૩માં ભારતમાં ક્રિપ્ટો ફ્રોડના કુલ ૮૪૦ કેસ નોંધાયા છે. આ કૌભાંડોમાં ભારતે કુલ ૪,૪૦,૫૪,૨૪૪ મિલિયન ડોલર એટલેકે અંદાજિત ૪૦૦ કરોડ રૂપિયા આસપાસ ગુમાવ્યા છે. આ આંકડા સાથે કુલ નાણાકીય નુકશાનની દ્રષ્ટિએ ભારત વિશ્વના ટોચના ૧૦ દેશોમાં સમાવિષ્ટ છે.નાણાકીય છેતરપિંડીની માત્ર ૧૦ ટકા ફરિયાદો જ ક્રિપ્ટો સંબંધિત છે. તેમ છતાં ક્રિપ્ટોકરન્સી-સંબંધિત નુકસાન કુલ નુકસાનના લગભગ ૫૦ ટકા આસપાસ છે. ૨૦૨૨માં ક્રિપ્ટો માર્કેટમાં મંદીને પગલે આ ટોકનમાં ફ્રોડનો આંકડો ઘટયો હતો.

# મૈં રાજુ રદીને બે-ચાર લાફા ઝીંકી દીધા!!!!

“લો , થપ્પડ મારો!” રાજુ રદી આટલું બોલ્યો. સ્ફોટક બોલ્યો. ભાદરવામાં પડેલા ઓચિંતા વરસાદની જેમ રાજુ રદી મારા ઘરમાં ખાબક્યો. અચાનક વરસાદ આવે એટલે આપણી મતિ મારી જાય. શું કરવુ અને શું ના કરવું એ ખબર ન પડે. વરસાદમાં પલળતા ચપ્પલ બચાવવા કે વળગણી પર સૂકવેલા કપડાં બચાવવા. બસ આવી જ અવઢવ એમને થઈ.

“રાજુ . જા તારો ગાલ માંજી આવ. કેટલો પરસેવાવાળો અને ચિકકાળથી ભરેલો છે. માનો તેલનું કરસલું ન હોય.પછી તારા પ્રસ્તાવ પર કઈક કરીએ” મેં રાજુને કહ્યું.

“ ગિરધરભાઈ. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાનું હોય. તમે લાફો ખાવા મોં ધોવાનું કહો છો?” રાજુને દ્વિધા થઈ.

“ રાજુ લક્ષ્મી આવે તે ઈન્કમ છે. એટલે મોઢું ન ધોવો તો ચાલે. જ્યારે લાફો મારવાનો હોય ત્યારે ગાલ ધોયેલા હોય તો ફડાકો મારવાની મજા આવે!!” મેં રાજુને તફાવત સમજાવ્યો.

“ તમે મને વાતોમાં ફૂલવાડી દેશો. ચાલો મારા ગાલે થપ્પડ મારો.” રાજુએ બાળહઠ, રાજહઠ, સ્ત્રીહઠમાં ચોથી રાજુહઠ ઉમેરી.

“ રાજુ. તારે લાફો કેમ ખાવો છે? તું તો મારો પ્રિય છે. મારો આદર કરે છે.(મારી પ્રસિધ્ધિ તારે આભારી છે!) તે કાંઇ ગેર વર્તન કરેલ નથી કે મારે તને લાફો મારવો પડે!!” મેં ભાવુક થઈને કહ્યું.

“ગિરધરભાઈ. આપણે મંદિર જઇએ. આંખો બંધ કરી ભગવાનને પ્રાથર્ના કરતા હોઈએ પણ ધ્યાન મંદિર બહાર મુકેલા ચપપ્લની ચિંતા કરીએ છીએ. મંદિરમાંથી બહાર આવીએ અને ચપ્પલ ચોરાઉ જાય તો કુબેરનો ખજાનો લૂંટાઇ ગયો હોય તેમ હાંફળાફાંફળા થઇ જઇએ છીએ !!”રાજુએ કહ્યું.

“ પણ આમાં લાફાની વાત કયાં આવી.? “ મેં અધીરા થઈને પૂછયું.

ગિરધરભાઈ કહું છું. ભૈસાબ બહું ઉતાવળા. રાજસ્થાનના સંસદસભ્ય-એમપી સાહેબ એક કાર્યક્રમમાં ગયા. ચપ્પલ બહાર ઉતારેલા. કાર્યક્રમ પૂરો થયા પછી બહાર આવીને ચપ્પલ શોધ્યા. કોઇ કાર્યકરને ચપ્પલસેવા સોંપી હશે.ચપ્પલ ન મળ્યા. એમપી સાહેબ એક યુવક પર ભડક્યા . યુવકે ચૂપ રહેવાના બદલે એમપી સાહેબનો ખરીખોટી સુનાવી. જેના દિમાગમાં વિકાસ, રાષ્ટ્રભકત અને રાષ્ટ્રપ્રેમ કેન્દ્રસ્થાને હોય તેવા બિચારા બાપડા એમપી સાહેબ યુવક પર નારાજ થઇ ગયા અને લાફો મારી દીધો. પેલો સાલો એ જ લાગનો હતો . કોની સામે જીભ ચલાવે છે તેનું તેને બ્રહ્મજ્ઞાન લાધવું જોઇએ કે નહીં?? ક્યારે પોલ્સન મારવું અને ક્યારે પાટું મારવું તે કળા હસ્તગત કરવી જોઇએ!!! એમપી સાહેબે થપ્પડ મારી દીધી. પછી એમનું ધ્યાન ગયું કે મિડીયામિત્ર( ખાનગીમાં દુશ્મન )મોકાએ વારદાત મૌજુદ છે. પેલો યુવક બખેડો કરવા વિચારે તે પહેલા તેને ગળે લગાડી દીધો.( મુન મિશન સમયે કંઇક આવો સિન ક્રિયેટ થયેલો મિત્રોરોઅ!) એમપી સાહેબે ધૂળ પર લીંપણ શરૂ કરી દીધું. પેલા યુવકને હેલિકોપ્ટરની મુસાફરી કરાવી. તેના ફોટા શેર કર્યા. લોકોએ ટ્રોલ પણ કર્યા. બુંદ કી બિગડી હૌજસે સુધરતી નહીં!!” રાજુએ લાફા પુરાણ પૂરું કર્યું!!

“રાજુ.આ કારણથી તારે લાફો ખાવો હતો?”મેં રાજુને પૂછયું.

“હા, ગિરધરભાઈ.”રાજુની આંખોમાં હેલિકોપ્ટર સવારીની આશા હતી!!!

“ રાજુ. તું ઘર ભૂલ્યો છું. મારે છકડો બારેમાસ છે. ઉડનખટોલામાં બેસવાની મારી ત્રેવડ કે હેસિયત નથી.તો તને અધ્ધરિયામાં કેવી રીતે બેસાડું?? તેના ખ્વાબ ભૂલી જા! તારે છકડા મુસાફરી કરવી છે?છકડામાં બેસવાનીઈચ્છા છે??”એમ કહી રાજુને બે-ચાર લાફા ઝીંકી દીધા!

ભરત વૈષ્ણવ

# પૂરતી ચેતવણીઓ અને આગાહીઓ હોવા છતાં, વહીવટીતંત્રની નિષ્ક્રિયતા

વડોદરા મહાનગરપાલિકાના તંત્રની ગંભીર બેદરકારી અને લાપરવાહીના લીધે શહેરની વિશ્વામિત્રી નદીમાં વિનાશક પૂર આવ્યું તથા પૂર ને લીધે ભારેખમ પારાવાર નુકશાન થયેલ છે. જેના લીધે વડોદરા વાસીઓ તબાહ થઈ ગયા છે. આ પૂરને લીધે લાખો-કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે. સરકાર સર્જીત પુર છે આ એક વખત નહી પણ બે વખત પુર આવ્યું જેના લીધે સમગ્ર વડોદરા શહેરમાં ભારે તારાજી થઈ.

પૂરતી ચેતવણીઓ અને આગાહીઓ હોવા છતાં, વહીવટીતંત્રની નિષ્ક્રિયતા અને તૈયારી ન હોવાથી આ દુર્ઘટના સર્જાઈ છે. જળાશયો સમયસર ખાલી કરવામાં આવ્યા ન હતા, અને ડ્રેનેજ સિસ્ટમ ખરાબ રીતે નિષ્ફળ ગઈ હતી, જેના પરિણામે અભૂતપૂર્વ પૂર આવ્યું હતું. આ વહીવટી નિષ્ફળતા અને બેદરકારીનો સ્પષ્ટ કિસ્સો છે.

વડોદરાની જનતાને થયેલ ભારે નુકસાનની ભરપાઈ યોગ્ય રીતે થાય તેવી માંગ સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા જનઆક્રોશ રેલીને સયાજીનગર ગૃહશ્રી કલેક્ટર કચેરી સુધી પદયાત્રા સ્વરૂપે બપોરે ૨-૦૦ કલાકે યોજાશે.

‘જનઆક્રોશ રેલી’’ માં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી અને સાંસદ, ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનીકજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી રામકિશન ઓઝા અને શ્રી ઉષા નાયડુજી સહિત પ્રદેશના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહેશે. આક્રોશ રેલીમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને કોંગ્રેસ પક્ષના આગેવાનો જોડાશે અને અસરગ્રસ્ત વડોદરા વાસીઓને ન્યાય મળે તેવી માંગ કરશે.

# પાલનપુરમાં ગુજરાતનો પહેલો અને ભારતનો બીજો થ્રી લેગ એલિવેટેડ બ્રિજ તૈયાર, આવતીકાલે ઉદ્ઘાટન



ગુજરાતના પાલનપુરમાં જમીનથી ૧૭ ફૂટ ઊંચો ભારતનો બીજો થ્રી લેગ એલિવેટેડ આરટીઓ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. માર્ગ પરિવહન રાજમાર્ગ મંત્રાલય અને ભારત સરકારના સહયોગથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨૭ પર એલ.સી ૧૬૫ પર ૮૯.૧૦ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ૧૨ સપ્ટેમ્બર ભાદરવી પૂનમના દિવસે લોકાર્પણ કરવામાં આવશે. જીપી ચૌધરી કન્સ્ટ્રકશન કંપનીને આ બ્રિજનું કામ સોંપવામાં આવ્યું હતું. ભાદરવી પૂનમના દિવસે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી દ્વારા આ નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવશે. આ સમયે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત તથા ધારાસભ્ય અનિકેત ઠાકર સહિતના અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. આવતી કાલે ઉદ્ઘાટનને લઈને બ્રિજને લાઈટ દ્વારા શણગારવામાં આવ્યો છે. પાલનપુરના લોકો માટે હાલ આ બ્રિજ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

ગુજરાતનાં પહેલાં થ્રી લેગ એલિવેટેડ બ્રિજ પર પાલનપુર અને આબુરોડ તરફ ૧૭૦૦ મીટર લંબાઈના લેગ બનાવવામાં આવ્યા છે, જયારે પાલનપુર અને આબુરોડ તરફ બે લાઈન અને અંબાજી તરફ ફોરલાઈન લેગ બનાવવામાં આવ્યા છે. આ આખો બ્રિજ ૭૯ પિલર પર ઉભો છે. જેમાં ૮૪ મીટર ના ઘેરાવોનું સર્કલ સેલ્ફ પોઈન્ટ બનાવવામાં આવ્યુ છે. આ બ્રિજમાં કુલ ૧૮૦ ગડર કોંક્રિટના છે અને ૩૨ ગડર સ્ટીલના લગાવવામાં આવ્યા છે. પેરાપીડ સાથે આ બ્રિજની ઊંચાઈ ૧૮ મીટર છે.

ગુજરાતનો આ સૌથી પહેલો પિલર પર થ્રી લેગ એલિવેટેડ બ્રિજ છે. આ પહેલાં થ્રી લેગ એલિવેટેડ બ્રિજ ચેન્નઈમાં બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજ બનાવવા માટે ૧૬૦૦૦ મેટ્રિક ટન સિમેન્ટ વપરાયો છે તેમજ ૩૬૦૦ મેટ્રિક ટન લોખંડનો વપરાશ કરવામાં આવ્યો છે.

# ફક્ત એક કલાકમાં જ પહોંચાશે અમદાવાદથી ગાંધીનગર, મેટ્રો ફેઝ-૨ માં સામેલ કરાયા આ વિસ્તાર

: અમદાવાદ અને ગાંધીનગરના લોકો માટે આનંદના સમાચાર છે. ગુજરાત અને ભારત સરકારના પ્રયત્નોથી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (એ્ઈઝ) દ્વારા ૧૬ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ કરશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે, જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ ના વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. મેટ્રોના બીજા તબક્કામાં મોટેરાથી ગાંધીનગર સુધીની કનેક્ટિવિટી



મળશે. બીજા તબક્કાનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે, જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનાર સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રોના બીજા તબક્કાથી અમદાવાદ અને ગાંધીનગરના કર્મચારી તેમજ પ્રવાસીઓને રાહત થશે.અમદાવાદથી ગાંધીનગરને જોડતા મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટ માટે સરકાર દ્વારા ૫,૩૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

# મુસાફરોને મુશ્કેલી:સુરતના ભેસ્તાન ડેપોમાં ઓરેન્જ બીઆરટીએસ કંપનીના ડ્રાઈવરો દ્વારા સમયસર પગાર ન મળતા હડતાળ

સુરત મનપા માસ ટ્રાન્સપોર્ટેશનને લઈને ખૂબ જ ગંભીરતાથી કામ કરી રહી છે. પરંતુ બીજી તરફ બીઆરટીએસ બસ સેવાને લઈને જે કંપનીઓ કામ કરી રહી છે તેમની સંતોષકારક કામગીરી જણાતી નથી. જેને કારણે લોકોએ પરેશાનીમાં મુકાવું પડે છે. આજે ઓરેન્જ બસના ડ્રાઈવર દ્વારા હડતાળ પાડવામાં આવતા રૂટ ખોરવાયો હતો.સુરતના ભેસ્તાન બીઆરટીએસ ડેપો ખાતે આજે ડ્રાઈવરો દ્વારા હડતાળ ઉપર ઉતરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ડ્રાઈવરોની માગ છે કે, એકથી ૧૦ તારીખ સુધીમાં તેમનો પગાર ચૂકવી દેવામાં આવે. પરંતુ કંપની દ્વારા વારંવાર પગાર ચૂકવવામાં ખૂબ જ વિલંબ કરવામાં આવે છે. ગયા મહિનામાં પણ ૨૨ તારીખે પગાર ચૂકવવામાં આવ્યો હતો. પીએફ પણ સમયસર ચૂકવવામાં આવતું નથી. તમામ ડ્રાઈવરો દ્વારા આજે હડતાળ પર ઉતરી જવાનો નિર્ણય કરાતા મુશ્કેલી ઊભી થઈ હતી.સિટી લિંકના કોર્ડિનેટર પ્રવીણ પ્રસાદે જણાવ્યું હતું કે, ઓરેન્જ બીઆરટીએસ કંપનીને ૭૧ જેટલી બસો આજે ડ્રાઈવરોની હડતાળના કારણે બંધ રહી હતી. જેને કારણે રૂટ નંબર ૧૧, ૧૨ અને ૧૩ ઉપર તેની અસર દેખાઈ હતી. ઉધના-સચિન, ઓએનજીસી-સરથાણા અને અલથાણ ટર્મિનલ રૂટ ઉપર મોટી અસર થશે. કોર્પોરેશન દ્વારા કંપનીને પેમેન્ટ આપી દીધા બાદ પણ કંપની દ્વારા સમયસર તેમના કર્મચારીઓને પગાર ચૂકવવામાં આવતો ન હોવાનું જણાય આવ્યું છે. કંપનીએ યોગ્ય કામગીરી કરી ન હોવાને કારણે લોકોએ પરેશાન થવું પડે છે. સમયસર પગાર ચૂકવવામાં ન આવતા ડ્રાઈવર દ્વારા હડતાળ ઉપર ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને કારણે હવે આ રોડ ઉપર સીધી તેની અસર થશે

# વડોદરામાં સ્થાયી સમિતિ ચેરમેનના સૂચનનો વિરોધ : સામાજિક કાર્યકર દોરડા, રબરની ટ્યુબ લઈને પાલિકા કચેરીએ પહોંચ્યા

વડોદરામાં ગણતરીના દિવસોમાં બે વાર આવેલા માનવસર્જિત પૂરની પરિસ્થિતિ બાદ પાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શીતલ મિસ્ત્રીએ પુરથી બચવા શહેરીજનોને દોરડા, ટ્યુબ અને તરાપા વસાવી લેવા કરેલા સૂચનથી ભારે વિરોધ અને ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં આવેલા માનવસર્જિત બે વારના પૂર બાદ પાલિકા તંત્રના પદાધિકારીઓ પર જાતજાતના આક્ષેપો શરૂ થયા હતા. પરિણામે તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શીતલ મિસ્ત્રીએ શહેરીજનો માટે એવું સૂચન કર્યું કે, લોકોએ પૂરની પરિસ્થિતિમાં રહેતા શીખવું પડશે અને લોકોએ ઘરમાં રબરની ટ્યુબ, ટોર્ચ, તરાપા અને દોરડા વસાવી લેવા જોઈએ એવી શિખામણ આપતા વિવાદ સર્જાયો છે.

વડોદરા પાલિકા કચેરીએ સામાજિક કાર્યકરો દોરડા, ટ્યુબ લઈને લોકો પહોંચી ગયા હતા. જ્યાં સામાજિક કાર્યકરોએ જણાવ્યું હતું કે, ગેરકાયદે ઝૂંપડા, મકાન પાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે તોડવામાં આવે છે તો પછી વિશ્વામિત્રી નદી આસપાસના દબાણો તોડતાં કેમ નથી ??

# કડાણા ડેમના ૨૧ ગેટ ખોલાયા, મહીસાગર નદીએ ધારણ કર્યું રૌદ્ર સ્વરૂપ, ૨૩૫ ગામોને એલર્ટ કરાયા

રાજ્યમાં આ વર્ષે ચોમેર મેઘમહેર થઈ છે. રાજ્યભરમાં વરસાદના લીધે મોટાભાગના ડેમોમાં પાણી આવક વધી છે. ત્યારે કડાણા ડેમના ૨૧ દરવાજા ખોલીને મહીસાગર નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના નદી મહીસાગર નહી બે કાંઠે વહેતી જોવા મળી છે, જેના લીધે નદી કિનારે આવેલા ૫ જિલ્લાના ૨૩૫ ગામોને એલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. મળતી માહિતી અનુસાર ગત રાત્રે ૩ લાખ ક્યુસેક વધુ પાણી છોડવામાં આવ્યું હોવાથી આસપાસના વિસ્તારમાં નદી કાંઠે આવેલા ૫ જિલ્લાના ૨૩૫ ગામોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. પાણી પ્રવાહ વધુ હોવાથી પુલના બંને છેડે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતી હોવાથી તંત્રને કડાણા ડેમમાંથી મહીસાગર નદીમાં પાણી છોડવાની ફરજ પડી છે. હાલમાં ડેમનું લેવલ ૪૧૭.૫ ઈંચ પહોંચ્યું છે.

# કલ્પસર યોજનાનો અમલ કરી સૌરાષ્ટ્રમાંથી સ્થળાંતર અટકાવો, ભાજપ નેતાનો વડાપ્રધાન મોદીને પત્ર

અમરેલી જિલ્લાનો કલ્પસર યોજનામાં સમાવેશ કરવા ભાજપના નેતા અને પૂર્વ મંત્રી બાવકુભાઈ ઊંઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર લખ્યો છે, સૌરાષ્ટ્ર પંથકના અમુક જિલ્લાઓમાં અને તાલુકાનો નર્મદા આધારિત સિંચાઇ યોજનાઓ અમલીકરણમાં મુકાઇ છે જ્યારે અમરેલી, ભાવનગર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્રારકા, જામનગર, રાજકોટ તથા સુરેન્દ્રનગર અને બોટાદ સહિતનો વિસ્તાર કલ્પસર યોજનાથી વંચિત છે. આ વિસ્તારના ખેડૂતો સિંચાઈનું પાણી, બોર અને કુવા આધારીત ખેતી કરી શકે છે.



બાવકુભાઈ ઊંઘાડે વધુમાં જણાવ્યું હતું કે ક્લ્પસર યોજનામાં ૨૦૨૨ સુધીમાં રિપોર્ટની કાર્યવાહી પૂર્ણ કરવાની હતી જે પૂર્ણ થઇ ગઇ છે. જેમાં પ્રી ફિજિબિલિટી રિપોર્ટ સહિતના ૪૪ રિપોર્ટ થઇ ચૂક્યા છે. જેથી હવે આ યોજનાનું તાત્કાલિક ખાતમૂહુર્ત થાય અને યોજના જાહેર થાય તે અંગે મેં માંગણી અને રજૂઆત કરી છે. તેમના મત મુજબ કલ્પસર યોજનાનો અમલ ન થતો હોવાથી સૌરાષ્ટ્રનો વિકાસ રૂંધાઈ રહ્યો છે.

અમરેલી જિલ્લા સાથે ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટની ખેતીને વ્યાપક પણે ફાયદો થશે. જ્યારે અમરેલી જિલ્લો માત્ર ખેતી આધારિત હોય અને હાલ અમરેલી જિલ્લામાંથી મોટેપાયે માઈગ્રેશન થયું છે. ત્યારે આ કલ્પસર યોજના અમલીકરણ થાય તો અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રને ફાયદો થશે. સૌરાષ્ટ્ર દક્ષિણ મધ્ય ગુજરાતનો રસ્તો ટૂંકો થાય તે માટેની આ યોજના છે, આ સાથે સાથે સૌરાષ્ટ્રમાં જે માઇગ્રેશન વધી રહ્યું છે તેને અટકી જાય અને રાજ્ય સમૃદ્ધ બનશે.

રાજકોટ મોટાભાગના ઉધોગોનું સેન્ટર છે જયારે જામનગર,સુરેન્દ્રનગર અને ભાવનગરમાં જૂજ પ્રકારના ઉદ્યોગો છે. સૌરાષ્ટ્રમાંથી ખુબ મોટા પ્રમાણમાં ગામડામાંથી સ્થળાંતર થઈ રહયું છે. અમદાવાદ, મુંબઈ,સુરત,બેંગલોર, હૈદરાબાદ, તથા કેનેડા અને અમેરીકામાં પણ શિક્ષિત લોકો જઈ રહ્યા છે. આ ઉપરાંત ખેડૂતો, કારીગરો અને મજૂરોનું રોજી-રોટી માટે મોટા પ્રમાણમાં સ્થાળાંતર થઈ રહયું છે. સૌરાષ્ટ્રને બચાવવા માટે એક જ રસ્તો છે. જે કલ્પસર યોજના છે. તે બનાવવી જરૂરી છે.

કલ્પસર યોજના બનતા સૌરાષ્ટ્રની સ્થળાંતરની પ્રક્રિયા અટકી શકે તેમ છે. આ ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા દક્ષિણ ભારત જવાનો રસ્તો પણ ટૂંકો થઈ શકે તેમ છે. આ ઉપરાંત સમય, ડીઝલ, પેટ્રોલ, ગેસની બચત અને વિદેશ જતુ – હુંડીયામણ, પર્યાવરણ બધુ બચાવી શકાય તેમ છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય યોજના જાહેર કરી ૮૦:૨૦ ના રેશિયા પ્રમાણે ૮૦% કેન્દ્ર સરકાર અને ૨૦% રાજય સરકાર ગ્રાન્ટ ફાળવી સૌરાષ્ટ્રના લોકો અને તેમની ખેતીને બચાવી શકાય એમ છે. સૌરાષ્ટ્રની કાયાપલટ કરવા અને દેશ-દુનિયામાં હરીયાળી અને શ્વેતક્રાંતિ થકી સમૃદ્ધ કરવા માટે કલ્પસર યોજના જરૂરી છે. એક સર્વે પ્રમાણે પ્રદુષણના લીધે ૧૫% ખેત ઉત્પાદન પણ ઓછું આવી શકે છે. કઠોળ-તેલ સિવાયની અનેક ખાદ્ય વસ્તુ આપણે આયાત કરવી પડે છે. ત્યારે – બીજીકોઈ યોજનામાં કાપ મૂકી કલ્પસર યોજના હયાત અને આવનારી પેઢી માટે ખૂબ જરૂરી છે. ખેતરે ખેતરે પાણી અને દરેક હાથને કામ આપવું હોય તો કલ્પસર એકમાત્ર વિકલ્પ છે. કોરોના સમયમાં ફક્ત ખેતી અને પશુપાલન બે જ ઉદ્યોગો ચાલુ હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO: 364***
★વિષયઃ- શૈશવનાં સંસ્મરણો.★
★શીર્ષકઃ- કેમ ભૂલાય એ બચપણ ?★
★શબ્દોઃ- ૮૬★

મીઠું મધુરું કેમ ભૂલાય યાદગાર એ બચપણ ?
નાનકડી વયમાં નિખાર લાવનાર એ બચપણ.

પાકા દોસ્તો સંગે ધીંગામસ્તી ને મોજમજા,
કદીક તોફાનો કરતાં તો પિતાજી પણ કરતા સજા.

"મોજ" સરિતામાં નિર્વસ્ત્ર સ્નાન ને કરતાં મસ્તી,
છબછબિયાં બોલાવીને તરવાનું શીખતાં જાણે કશ્તી !

શૈશવનાં એ સંસ્મરણો બન્યાં સ્મૃતિ યાદગાર !
વિવિધ રમતો દ્વારા દેહને કસરત - શક્તિ મળતી પારાવાર,
"પંકજ"- ઈશ્વરે સદૈવ જો રાખ્યું હોત એ જ બચપણ !

લેખકનું નામઃ- મનસુખભાઈ એચ.મકવાણા,પંકજ જરીવાલા, ઉપલેટા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય : શૈશવના સંસ્મરણો
શીર્ષકઃ બચપણની યાદો
શબ્દ સંખ્યાઃ૭૨

બચપણની સુંદર યાદો,
ખેલ કૂદમાં કરતાં વિવાદો;
કીટ્ટા બુચા બધાં કરતાં,
કડવાશ મનમાં ન રાખતાં!

શાળાએ દફતર લઈ જાતા,
સાથે રમતાં સાથે ભણતાં;
બગીચાને પાણી પાતાં,
મસ્તીખોર ગીતો ગાતાં!

વડલા ડાળે હીંચકા ખાતાં ,
આમલી પીપળી રમત રમતાં;
પપ્પા સાથે ખેતર જાતાં
કામમાં મદદરૂપ થાતાં!

'પ્રેમ' દુનિયા બચપણની,
ઉંમર થઈ પંચાવનની,
યાદ છે બધીય વાતો,
બચપણની સુંદર યાદો!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષય:"શૈશવ નાં સંસ્મરણો" શીર્ષક:"મારાં જન્મ થી મમ્મી પપ્પા નાં મરણ સુધી" પ્રકાર:ગધ્ય. શબ્દો:૩૫૦
શૈશવ નાં સંસ્મરણો ને વાગોળી એ ત્યારે પહેલાં આપણાં મા-બાપ સાદ આવે.
જેમનાં ખોળા આગળ બ્રહ્માંડ પણ નાનું પડે તે અમારા મમ્મી,
જેમનાં વ્હાલ આગળ તમને કરતા દુનિયા ભર નાં લોકોના વ્હાલ નો સરવાળો પણ નાનો પડે તે અમારા મમ્મી,
દુઃખ ની પથારીમા પોઢી અમને સુઃખની ચાદર ઓઢાડે તે અમારા મમ્મી,
પોતે ભૂખી રહી ને અમને જમાડે તે અમારા મમ્મી,
તેમના આખાં ભવ માં તમે આપેલ સુઃખ નો સરવાળો કરે અને દુઃખ ની બાદબાકી કરે તે અમારા મમ્મી.
જ્યારે મિલમાલિક નાં છોકરાં ઝેવિયર્સ માં ભણતાં'તાં ને અમને તેમાં ભણાવ્યાં તે મારાં પપ્પા,
જ્યારે સ્કુલ માં બધાં ચાલતાં જતાં હોય ત્યારે અમને બે ભાઈઓ ને સાયકલ પર મુકવાં આવે તે મારાં પપ્પા,
મારાં અક્ષર સારાં નહીં ને મારાં બધાં સબજેક્ટ ની નોટ પોતે સારાં અક્ષરે બનાવી એક્ઝામ વખતે વાંચવાં આપે તે મારાં પપ્પા,
આછી આવક માં એક વેકેશન માં આબુ અને બીજાં વેકેશન માં પાનસર લઈ જાય તે મારાં પપ્પા,
નાના પગાર માં પોતે કોઈ શોખ પુરાં કરે નહીં ને અમને દર રવિવારે હેવમોર માં લઈ જાય તે મારાં પપ્પા,
આજ ની તારીખે પણ કાંઈક ખોટું હોય તો મન માં ટોકે અને રોકે અને સાચો રસ્તો બતાવે તે મારાં પપ્પા,
આજે હું જે પણ કાંઈક છું તેનું કારણ છે મારાં પપ્પા.
શૈશવ નાં સંસ્મરણો માં ભાઈ,બહેન મિત્રો ને યાદ ન કરીએ તો કેમ ચાલે?
મારા સ્કૂલ ડ્રેસ અને નોટબુક-ચોપડીઓ વાંચી ને મોટો થયેલ મારાં નાના ભાઈ ને કેમ ભૂલું?અને મમ્મી-પપ્પા વઢે તો કાયમ મારો પક્ષ લઈ ને મારી પડખે ઊભી રહેતી મારી બહેન ને હું કેમ ભૂલું?
અમે પોળ માં મિત્રો જોડે ક્રિકેટ રમીએ ને શોટ મારીએ તો ટેનીસ બોલ સામે નાં શેઠનાં ઘરમાં જતો રહે ને તે પાછો ના આપે.સાંજે અમે તે બોલ કઈ રીતે પાછો લાવવો તેની મિટીંગ ભરીએ. નક્કી થયાં મુજબ સાંજે બહાર ચોકડી માં તેમનો નોકર વાસણ ધોવાં આવે.તેમાંથી તપેલી લઈ જઈએ ને પોળનાં નોટીસ બોર્ડ પર લખીએ કે બોલ આપી ને તપેલી છોડાવી જાવ અને અમને બોલ તરત પાછો મળી જતો.આવાં સંસ્મરણો યાદ કરીએ તો પાનાનાં પાના ભરાય.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત"(અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંટ જીજી ર્દ્ર.: ૦૧૦૧
વિષય : શૈશવના સંસ્મરણો
શીર્ષક : મારું બાળપણ
પ્રકારઃ ગદ્ય. શબ્દોઃ ૩૪૩
મુંબઈ, સપનાનું શહેર, જ્યાં ઘોંઘાટ, રંગોનો કેલિડોસ્કોપ અને સ્ટ્રીટ ફૂડની સુગંધ એક અવિસ્મરણીય સિમ્ફની બનાવે છે. મારા મુંબઈના બાળપણના સંસ્મરણો આનંદ, આશ્ચર્ય અને સાદગીના દોરાથી વણાયેલા સુંદર નકસીદાર ચાકડાની જેમ મારી સ્મૃતિમાં કોતરાયેલા છે.
મુંબઈમાં ઉછરવું એ સદભાગ્ય હતું. મને યાદ છે વહેલી સવારે નજીકના મંદિરમાંથી આવતો મંદિરની ઘંટડીઓનો હળવો મીઠો ધ્વનિ, પક્ષીઓના કિલકિલાટ અને ફેરિયાઓની કિલકારીઓ. સ્થાનિક બેકરીમાંથી તાજી બેક કરેલી બ્રેડની ગંધ હવામાં લહેરાતી, દિવસની શરૂઆત થતી.
મારા શાળાના દિવસો ખૂબ જ ઉત્સાહનો સમય હતો. મને શાળાની ઘંટડીનો અવાજ, તાજી તીક્ષ્ણ પેન્સિલોની ગંધ અને રંગબેરંગી યુનિફોર્મનો નજારો હજુ યાદ છે. અમે સવારની એસેમ્બલી માટે રમતના મેદાનમાં આતુરતાપૂર્વક ભેગા થતાં હતાં. અમારી શાળાનાં શિક્ષકોની યાદો હજી સ્મૃતિપટ પર વિદ્યમાન છે.
ઉનાળાની બપોર અમારા પડોશની સાંકડી ગલીઓમાં કામચલાઉ વિકેટો અને ટેનિસ બોલ સાથે ક્રિકેટ રમવામાં પસાર થતી. અમારી કલ્પના અને સર્જનાત્મકતા અમારા રમકડાં હતા.
મુંબઈનાં વરસાદનો આનંદ અને ઉત્તેજનાની ભીની વાછંટોથી, સ્મૃતિ ભીની છે. અમે ધોધમાર વરસાદમાં નૃત્ય કરતાં, ખાબોચિયામાં પગ પછાડી પાણી ઉછાળતાં અને પતરાની છત પર વરસાદના ટીપાંની લયબદ્ધ મેલોડી સાંભળતા, કાગળની હોડી બનાવી વહેતાં પાણીમાં વહેતી કરતાં. ભીની ધરતીની ગંધ હજી શ્વાસમાં ભરાયેલી છે.
મુંબઈના દરિયાકિનારા અમારું રમતનું મેદાન હતું. અમે રેતીના કિલ્લાઓ બનાવવામાં, છીપલાં એકત્રિત કરવામાં અને સૂર્યાસ્ત જોવા માટે કલાકો પસાર કરતાં. મોજાઓનો અવાજ, સીગલની ચિચિયારી અને ખારા પાણીના સ્પર્શથી મનમાં રોમાંચ અને આનંદની લાગણી ઉભી થતી.
બાળપણમાં એ તહેવારો અમારે માટે મહાન ઉજવણીનો સમય હતો. હોળી, ગણેશ ચતુર્થી, દિવાળી એવા પ્રસંગો હતા જ્યારે અમારા પડોશીઓ ભેગા થતા, રંગોની છોળ ઊડતી, પંડાળમાં ગણેશ મૂર્તિ ની સ્થાપના અને આરતી થતી. દિવાળીમાં ઘેર ઘેર કંડીલ લટકતાં, આંગણે દીપોનું પાગટ્ય અને મોડી રાત સુધી રંગોળી પુરતાં, ઘરમાં જાતજાતના પકવાન અને ફરસાણ બનતાં,દરેક ઘરમાં સજાવટ થતી, સાથે ફટાકડાનો અવાજ અને પરંપરાગત મિલન કુટુંબો, સમુદાયમાં મીઠાં સંબંધની ભાવના પ્રસરાવતાં.
મુંબઈના મારા બાળપણના સંસ્મરણો, શહેરની સ્થિતિસ્થાપકતા, વિવિધતા અને હૂંફનો પુરાવો છે. તે એક શહેર હતું જેણે મને અપૂર્ણતાની સુંદરતાને સ્વીકારવાનું, સાદગીમાં આનંદ શોધવાનું અને સામાન્ય ઉજવણી કરવાનું શીખવ્યું. જેમ જેમ હું પાછળ જોઉં છું, ત્યારે મને ખ્યાલ આવે છે કે મુંબઈ માત્ર એક શહેર ન હતું; તે એક પાત્ર હતું જેણે મને આકાર આપ્યો, મને ઘડ્યો અને મને આજે જે છું તે બનાવ્યો.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - શૈશવના સંસ્મરણો
શીર્ષક - મનગમતી યાદો
પ્રકાર - પદ્ય શબ્દો - ૯૨

ઉંમરના પડાવની સીડી ભલે હું ચડતી..
શૈશવના સંભારણા આજે પણ હું લખતી જાઉં..

જીદ કરીને ધાર્યું હું મેળવી લેતી..
ના મળે તો કેવી હું રીસાતી જાઉં..

એક જ બહેન છું વટમાં હું ફરતી..
પણ લાગણીમાં સૌને હું ભીંજાવતી જાઉં..

નિશાળના સમયે દોડી દોડી જાતી..
પાસ થવાય એટલું હું ભણતી જાઉં..

બહેનપણી સાથે અલકમલકની વાતોમાં રસ રાખતી..
ક્યારેક કિટ્ટા બુચ્ચાની રમત પણ હું રમતી જાઉં..

ટેલીવીઝન માં સિનેમા જોવા બેસી જાતી..
છાયા ગીત ને ફૂલ ખીલે હૈ ગુલશન પણ હું માણતી જાઉં..

નિર્દોષ અને મસ્તી ભરી ઉડાન હતી..
આજે પણ શૈશવની નિખાલસતા હૈયે હું ધબકાવતી જાઉં..
છાયા શાહ.મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
પ્રકાર:પધ શબ્દો : ૧૦૮
વિષય : શૈશવના
આભાર - નિહારીકા રવિયા સંસ્મરણો
શીર્ષક : પલકો પર ઝુલતુ શૈશવ.
નામ : ચારુલતા દોશી.

આંખોની પાંપણની પલકો ના ઝુલા પર શૈશવ મારું ઝુલે છે.
અધર કેરી પાંખડીઓ પર મસ્ત મજાનુ લહેરે છે.

યાદો ભરી છે મીઠી મીઠી રમત રમતા ઘરઘર કેરી.
પકડદાવ, લંગડી, ખોખો, હુ તુ તુ ને સંતાકૂકડી.

કેરમ, ચેસ, લુડો નવકૂકી, પાંચીકા ને કોડાકોડી.
અંતર મારું મહેકે છે યાદ કરું હું તો ફેર ફુદલડી.

શાળા, પાઠશાળા ને કોલેજની મસ્ત હતી વાટલડી.
સર, ટીચર ને પ્રિન્સિપાલ કેરી યાદો છે પ્રેમ રસ ભરી.

સફર પીકનીક કેરી મજાની નાસ્તા સાથે ડબા ઉજાણી.
સખી સાહેલી ટોળે મળી કરતી નીતનીત વાતો મજાની.

સાથે મળીને કરતાં ચિત્રકામ, હસ્તકામ, ભરત ગુંથણ ને મોતી કામ.
મીઠી મીઠી બધી વાતો ની હૈયામાં છે રંગોળી.

માતાપિતાની હતી લાડકડી યાદો ની આ બધી રંગીન પડી.
કરું કેટકેટલી વાતલડી કરવા બેસું તો ટૂંકી પડે રાતલડી.

ચારુલતા દોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : ' શૈશવના સંસ્મરણો '
શીર્ષક : " શૈશવકાળની ક્ષણો "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૦.

શૈશવની ક્ષણો હતી હવે જે વિસરાઈ ગઈ,
જિંદગીની યાદ, ફરી આંખોમાં દોરાઈ ગઈ.

ફરી સ્મરણે ઉજાગર થયું, બાળપણ મારું,
જુના યારો મળ્યા ને જિંદગી મુસ્કુરાઈ ગઈ.

શૈશવના એ દિવસો, ખૂબ મોજમાં વીતેલા,
લાગે છે એ ક્ષણો હવે, સઘળી ચોરાઈ ગઈ.

હતી અનોખી, સખાઓની અલગારી ટોળી,
સાંભરી જ્યાં આવી તો આંખો ભરાઈ ગઈ.

ખુલી ગયો પટારો 'શ્યામ' સંઘરેલો શૈશવનો,
વાતો નીકળી તો, લાગણીઓ ઉભરાઈ ગઈ.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO : 181**
વિષય : શૈશવના સ્મરણો
શીર્ષક :" બાળપણની પેટી"
પ્રકાર : પદ્ય શબ્દો :૭૬
જવાબદારીના પોટલામાંથી નીકળી બાળપણની પેટી,
કંઈક કેટલાંય ખાનાં ખુલી ગયાં, શૈશવના સ્મરણોને લપેટી...

જોઈ રહી એને તો હું એકીટસે તાકી,
જામી પડેલી ધૂળ જાટકીને ખંખેરી નાંખી...

આંખમાં ઉભરાઈ ગઈ કેટલીય ઝાંખી,
ખભેખભા મેળવી બેઠેલા દોસ્તોની ટોળી ....

ખડખડાટ હાસ્ય થી ભરેલી ઝોળી,
ખોવાયેલી કેટલી ક્ષણો પણ મળી.....

વર્ષો થી સંતાળેલી રાખી'તી,
અરે!.. અચાનક આમજ જડી....

નથી કોઈ ફોટા કે નથી લીધી સેલ્ફી,આ ક્ષણોનું કોઈ બીજું સાક્ષી નથી.....તોય કૌસુમી??
એક પણ ક્ષણ ઝાંખી નથી ...- સુરમી બધેકા, કૌસુમી??-મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 356**
વિષયઃ શૈશવ ના સંસ્મરણો
શીર્ષકઃ અમર છે બાળપણ
શબ્દોઃ ૮૦
બંધ આંખોની બખોલમાં બાંધેલુ છે બાળપણ,
દીલ ખોલીને હસતાં, કેમ ખોવાયું છે બાળપણ?

શેરીએ દોડતા, પડતા ને ઉઠતાં રમાતું બાળપણ,
સંતાકૂકડી રમતા સદા માટે સંતાયું છે બાળપણ.

પાચિકા ઊંચે ઉછાળી પકડવા હરખાતુ બાળપણ,
જવાબદારી ની જાળમાં હવે ફસાયું છે બાળપણ.

શાળાની સવાર સાથે શાંતિ ભર્યું રહેતું બાળપણ,
ઓફીસની માયાજાળમાં અટવાયું છે બાળપણ.

નિદોર્ષ, નિખાલસ ને નિર્મળતા ભર્યું બાળપણ,
ઈર્ષા, રાગ અને દ્વેષથી વિસરાયુ છે બાળપણ.

ઉંમર વધી છતાં મનમાં જીવંત છે બાળપણ,
'સુરીલી' વીતેલા સમયમાં, અમર છે બાળપણ.

નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' (વડોદરા)



કોર્પો.ના સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શિતલ મિસ્ત્રીએ હાથ ઊંચા કર્યા

# હવે, તંત્રના ભરોસે રહેવાને બદલે ઘરમાં દોરડા, સોસાયટીમાં તરાપા અને ટ્યુબ વસાવી રાખજો

લોકોએ ફક્ત તંત્ર પર આક્ષેપ કરવાને બદલે હેવી વરસાદ સાથે રહેતાં શીખવું પડશે

। વડોદરા ।

શહેરમાં તાજેતરમાં આવેલા પૂરની કામગીરીમાં લાખો નાગરિકો ચાર દિવસ સુધી અંધારપટની સ્થિતિમાં ભૂખ્યાં - તરસ્યા ટળવળવ્યા હતા, ત્યારે લોકોને મદદ પહોંચાડવામાં મ્યુનિ.કોર્પોરેશનનું તંત્ર અને નેતાઓ ફેઈલ સાબિત થતાં પ્રજામાં રોષની આગ ભભૂકેલી છે, ત્યારે સ્થાયી સમિતિના ચેરમેને વિવાદિત નિવેદન કરી બળતામાં ઘી હોમવાનો પ્રયાસ કર્યો છે. ચેરમેન કહે છે કે, લોકોએ ફક્ત તંત્ર પર આક્ષેપ કરવાને બદલે હેવી વરસાદ સાથે રહેતાં શીખવું પડશે અને દોરડા, તપારા, ટ્યુબ અને ઈમરજન્સી લાઈટની પોતે જ વ્યવસ્થા કરવી પડશે. ચેરમેનના આ નિવેદનની ભારે ટીકા થવાની સાથે તેમની બુદ્ધિના સ્તરનું પણ આંકલન લોકો કરી રહ્યાં છે.

સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા લાંબા ગાળાના આયોજન થશે. જેમાં મુખ્યમંત્રીએ પણ સૌને બાંહેધરી આપી છે કે, જે પણ ખર્ચો થશે, તેમાં રાજ્ય સરકાર મદદ કરવા તૈયાર છે. હવે આપણે સૌએ ભેગા થઈ, સર્વાનુમતી બનાવી જે કામ કરવાના છે, તે દિશામાં આગળ વધવું જોઈએ. હવે, કોઈ પ્રોજેક્ટ હાથમાં લઈએ તો તેને એક-બે વર્ષ લાગતાં હોય છે, પરંતુ કલાયમેન્ટ ચેન્જના કારણે હેવી વરસાદ પડતો હોય છે, તેમાં નાગરિકોએ ફક્ત તંત્ર પર આક્ષેપ કરવાના બદલે થોડી પોતે પણ તૈયારી કરીએ. જેથી આપણે પણ સેફ રહીએ.

ઘરમાં એક ટ્યુબ રાખીએ, મોટી સોસાયટી હોય તો તરાપાની વ્યવસ્થા કરે કે ઈમરજન્સી લાઈટ કે દોરડા રાખે. જ્યાં સુધી પ્રોજેક્ટ ના થાય, ત્યાં સુધી હેવી વરસાદ સાથે રહેતાં શીખવું પડશે. કોર્પોરેશને પણ ડિઝાસ્ટર પ્રિપરેશન માટે તમામ તૈયારી કરવી પડે, તેની માટે આયોજન કરી રહ્યાં છે.

હવે, નાગરિકોએ જ દોરડા, તરાપા અને ટ્યુબની વ્યવસ્થા કરવાની હોય તો મ્યુનિસીપલ કોર્પોરેશન વેરો શા માટે લે છે? ખરેખર, હજૂ પણ સેંકડો નાગરિકો પૂરના ઓછાયામાંથી બહાર આવ્યા નથી, ત્યારે ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ વાણી વિલાસ કરી લોકોની પીડામાં વધારો કર્યો છે.

સ્ટેન્ડિંગ ચેરમેન ડો. શિતલ મિસ્ત્રીએ પૂરગ્રસ્ત લોકોને દાઝ્યા પર ડામ આપ્યા

## બધુ લોકો જ કરે, તો કોપા. શું માત્ર કરોડોનો વેરો ઊઘરાવશે ?

પૂર સમયે બાઇક વેચીને બોટ લેવાની વાઇરલ થયેલી રીલને સાચી પાડતાં ચેરમેન

વડોદરા : સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન છે ડો. શિતલ મિસ્ત્રી, પણ તેમને એક સ્ટેન્ડ-અપ કોમેડીયનની જેમ જે નિવેદન કર્યું છે તેને લઈને તો સામાન્ય જનતા જ નહીં ભાજપમાં પણ હાસ્યનુ મોજૂ ફરી વળ્યું છે. શિતલ મિસ્ત્રીએ કહ્યુ એ રીતે લોકો તરાપા વસાવી લેશે, પણ બાદમાં તેનુ સ્ટ્રકચર સ્ટેબિલીટીનુ સર્ટીફિકેટ નહીં લેવુ પડે ? ડો. શિતલ મિસ્ત્રીના નિવેદનની શહેરમાં ઘણી આલોચના થઈ રહી છે. આખરે તેમને આ વિચારો આવે છે ક્યાંથી ?વડોદરામાં પૂર સમયે સોશ્યલ મીડિયામાં ઘણી રીલ ફરતી. તેમાં એક વાઈરલ રીલ એવી હતી કે, કોઈને અંબાલાલ પટેલનો નંબર મળે તો પૂછો બાઈક વેચીને બોટ લઈ લઈએ ? આ રીલ માત્ર એન્ટરટેઈનમેન્ટ પૂરતી હતી, પરંતુ આજે સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેને જે નિવેદન કર્યું તે આ રીલને રીયલ સાબિત કરતા હોય તેવુ લાગે છે. શિતલ મિસ્ત્રીના કહેવાથી લોકો તરાપા લઈ લેશે તો પહેલા મકાનોનુ સ્ટ્રકચર સ્ટેબિલીટી સર્ટીફિકેટ લેવુ પડતુ હતુ હવે તરાપાનુ પણ લેવુ પડશે ને ? તેમજ લોકો ટ્યૂબ પણ વસાવી લેશે, પરંતુ તે ટ્યુબનો ઉપયોગ કરીને પૂરના પાણીમાંથી પોતાને કઈ રીતે બચાવી શકાય ? તે માટે કોર્પોરેશન તાલીમ આપશે ? તેમજ શિક્ષણ સમિતિ સંચાલીત જ નહીં પરંતુ શહેરની તમામ શાળાઓમાં સ્વિમીંગનો સબજેક્ટ ફરજિયાત કરી નાખો એટલે લોકો ફસાય જ નહીં અને ફાયર બ્રિગેડને ઘરે જ મોકલી દો. તેવી પણ વાતો લોકોમાં કટાંક્ષરૂપે થવા લાગી છે.

મહિલા કોર્પોરેટરોની લાલી-લીપસ્ટિક મુદ્દે ચેરમેને અગાઉ વિવાદિત નિવેદન કર્યું હતું

કોર્પોરેશનની સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ મહિલા કોર્પોરેટરોના લાલી - લીપસ્ટીકના ખર્ચા બાબતે નિવેદન કર્યું હતુ. જેને લઈ મહિલા કોર્પોરેટરોએ જબરજસ્ત વિરોધ કરતાં ચેરમેનને સભામાં સ્પષ્ટતા કરવી પડી હતી. ડો.શીતલ મિસ્ત્રી આ સિવાય પણ સ્થાયી સમિતિ અને સંકલનની બેઠકમાં પણ સભ્યોના રોષનો ભોગ બન્યાં છે. ડો. શીતલ મિસ્ત્રીની ચેરમેન તરીકે નિમણુંક થયા બાદ એક ધારાસભ્યએ સંગઠનની સામે બાંયો ચઢાવીને ફરતા હતા કે, હું મિસ્ત્રીને લઈને આવ્યો છું. હવે, નિયુક્તિનો જશ લેતાં ફરતા ધારાસભ્ય ચેરમેનના વિવાદિત નિવેદનનો જવાબ શહેરીજનોને ક્યાં મોંઢે આપશે? તે સવાલ છે.







# પ્લાસ્ટિક પ્રદુષણમાં ભારત સમગ્ર વિશ્વમાં મોખરે

છતીસગઢમાં વીજળી પડવાથી નવના મોત, ગણેશપંડાલમા પથ્થરમારનારને આરોપીને સાંખી નહિ લેવાય, કડક કાર્યવાહી થશે, હર્ષ સંઘવી નુ નિવેદન, સુરત પછી વડોદરામાં પણ ગણેશ સ્થાપનાના ટાવર ઉપર અરબી ઝંડો ફરકાવી શાંતિ ડહોળવાનો પ્રયાસ, ભાયલી રોડ પર અર્બન ૭ આવાસના ટાવર ઉપર લગાવેલો અરબી ઝંડો કાન્સિલરે ઉતારી લેતા રાતે તમામ ટાવર ગેટ પર અરબી ઝંડા લગાવી કોમી શાંતિને પલીતો ચાંપવાનો પ્રયાસ, સુરતીઓએ ભાજપના કાર્યકરોને આપી સ્કીમ, એક ખાડો પૂરો અને સભ્યો નોંધી જાઓ, વડોદરામાં વધુ બે ભુવા કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ ની મીલીભગત થી જ આવું થાય છે, કચ્છમાં શંકાસ્પદ વાઈરસ ને કારણે ૧૫લોકોના મોત, આરોગ્ય તંત્ર મા દોડધામ, પ્લાસ્ટિકના કેરેટ ની આડમાં ટ્રકમાં ભરીને લઈ જવાતો ગેરકાયદેસર વિદેશી દારૂની બોટલ નંગ ૧૧૬૫૨,કિંમત રૂપિયા ૨૫લાખ ૮૦૦રૂપિયા નો વિશાળ માત્રામાં પ્રોહીબીસને મુદ્દામાલ કબ્જે કર્યો હતો, મેયર ના વોર્ડ સહીત સોસાયટી મા ડ્રેનેજ ના પાણી ની સમસ્યા,હાલમાં વડોદરા ગ્રામ્ય જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ગણપતિ ઉત્સવ ચાલી રહ્યો હોય તથા આગામી દિવસોમાં વિસર્જન અને ઈદે મીલાદ તહેવાર આવવાના હોય નાગરિકો શાંતિ અને સલામતી સાથે હર્ષો ઉલ્લાસથી ઉજવણી કરી શકે તે માટે વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા સંપૂર્ણ આયોજન સાથેબેઠક નું આયોજન સાથે પૂરતી તૈયારી કરી લેવામાં આવેલ છે, જેના અનુંસંધાન મા ગઈકાલે શ્રી સંદીપસિંહ પોલીસ મહાનિરીક્ષક શ્રી વડોદરા વિભાગ ધ્વારા વડોદરા ધ્વારાઅધિક્ષક શ્રી તમામ થાણા અધિકારી તથા L. C. B, S. O. G સહીત તમામ શાખાઓના અધિકારીઓ સાથે બેઠક નુ આયોજન કરવામાં આવ્યું, જે બેઠકમાં પોલીસ મહાનીરીશકશ્રી વડોદરા વિભાગ ધ્વારા અત્રે ના જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશન ના વિસ્તારમાં કરવામાં આવેલા ગણપતિ વિસર્જન ના રૂટ અને ઈદે મિલાદના તહેવાર અનુસન્ધાને કરવામાં આવેલ તૈયારીઓની ચકાસણી કરી ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન કોઈ અનિછનીય બનાવ ના બને તે માટે પુરી તકેદારી રાખવા તથા અસામાજિક પ્રવૃત્તિઓ કરતા તથા ધાર્મિક તહેવારોમાં અડચણ ઉભી કરતા ઈસમો સામે કડક હાથે કાયદેસર કાર્યવાહી કરવા વિગતવાર સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું સાથે પૂરતી તૈયારી કરી લેવામાં આવેલ છે.

નીલા ઠક્કર બરોડા

### સરકાર વિદ્યાર્થીનાં હિતમાં કરોડો નહીપરંતુ અબજો રૂપિયા આપશે તે ડાંગનાં ભષ્ટ્ર નેતાઓ ખાઈ જશે

# પિપલપાડા ગામમાં રૂ.૨ કરોડનાં ખર્ચે બનતી પ્રાથમિક શાળા હોસ્ટેલનાં બિલ્ડીંગનાં બાધકામ માં બીમ નીચે તિરાડ પડતાં ભષ્ટ્રાચાર ની પોલ ખુલી ગઈ



## કે.કે.પટેલ નામની એજન્સી અલ્પેશ નામ કોન્ટ્રાકટર તથા તેનાં મળતિયાઓ કરોડોનાં કામ મહાભષ્ટ્રાચાર કરી કરોડો રૂપિયા ખાઈ ગયાં

આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં ભષ્ટ્રનેતાઓ અને અધિકારીઓનાં મેળાપીપણામાં સરકારની વિવિધ યોજનાઓમાં ખુલ્લેઆમ ભષ્ટ્રાચાર થાય જ છે એ કોઈ મોટી વાત નથી પરંતુ જે શાળા માં લાડકવાયા બાળકો અભ્યાસ કરે છે એ શાળાનાં મકાન નાં બાધકામ માં ભષ્ટ્રાચાર આચરતાં ધોર કલયુગનાં દર્શન થઈ રહયું છે ડાંગ જિલ્લા પચાયત હસ્તકનાં શિક્ષણ વિભાગ માં આવતાં સમગ્ર શિક્ષા અભિયાન ની ગ્રાન્ટ માંથી આહવા તાલુકાનાં પિપલપાડા (પો.ગલકુંડ) ગામે સરકારે રૂ.૨ કરોડની ગ્રાન્ટ માં એક માળની હોસ્ટેલ બાધવા માટે ફાળવવામાં આવ્યાં હતાં જેનું કામ કે.કે.પટેલ નામની એજનન્સી કરી રહી છે એજન્સી દ્વારા મકાન નાં બાધકામ માં હલકી ગુણવતા વાળા સિમેન્ટ,રેતી અને કપચી તથા સળિયા વાપરી ભષ્ટ્રાચાર આચરતાં નવા બની રહેલાં હોસ્ટેલ બિલ્ડીગની દિવાલ માં મસમોટી તિરાડ પડતાં ભષ્ટ્રાચાર ખુલ્લો પડયો છે

ડાંગ જિલ્લાનાં પિપલપાડા ગામ માં શાળાનાં બાળકો માટે બનેલ બે કરોડની બિલ્ડીગ થયેલ ભષ્ટ્રાચારનાં કારણે ની બીમ નીચે દિવાલ મસ મોટી તિરાડો પડતાં જિલ્લામાં ચાલતાં ભષ્ટ્રાચાર ઊજાગર થયો છે

૧.ડાંગ જિલ્લા પચાયતનાં આરોગ્ય સમિતિનાં અધ્યક્ષ મયનાબેન બચુભાઈ બાગુલએ જણાવ્યું હતું કે કામ બરાબર થતું નથી કામ બરાબર કરવાં માટે કોન્ટ્રાકટરને ધણીવાર સુચનાં આપી છે તેમ છતાં એ ખરાબ કામ કરે છે શાળાનાં મુખ્ય શિક્ષકને પણ વારંવાર સુચનાં આપી હતી કે આપણા ગામનાં બાળકોનાં માટે જ કામ આવશે માટે યોગ્ય કામ કરવું જોઈએ તેમ છતાં કોન્ટ્રાકટર ગાઠતો નથી

૨.આહવા તાલુકાનાં માજી તાલુકા સદસ્ય જીતેન્દ્રભાઈ ગાયકવાડ એ જણાવ્યું હતું કે અમો તથા ગામનાં લોકો વારંવાર કોન્ટ્રાકટરને સુચના અને ફરીયાદ કરી હતી તેમ છતાં તેઓએ યોગ્ય બાધકામ કરતાં નથી

૩.પિપલપાડા ગામનાં મુખ્ય શિક્ષક પંડિતભાઈ ગાયકવાડ એ જણાવ્યું હતું કે મે અવાર-નવાર કોન્ટ્રાકટરને જણાવ્યું છે આ તિરાડ બાબતે ઈજનેરને જાણ કરી છે યોગ્ય નિરાકરણ લાવવા માટે જણાવ્યું છે.



સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ સુરેન્દ્રનગર જીલ્લા દ્વારા વિવિધ સ્કૂલો માં સ્વામી વિવેકાનંદ ના જીવન પર વક્તવ્ય આપવામાં આવ્યું ૧૧ સપ્ટેમ્બર દિગ્વિજય દિવસ ની ઉજવણી ના ભાગરૂપે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ સુરેન્દ્રનગર જીલ્લા દ્વારા વિવિધ તાલુકામાં વિદ્યાર્થીઓ ને સ્વામી વિવેકાનંદ એક યુગપુરુષ વિષય ઉપર વક્તવ્ય આપવામાં આવ્યુ. વિદ્યાર્થીઓ સારા વિચારો પ્રાપ્ત કરે તેમજ યુવાન અવસ્થા દેશ ના વિકાસ ની પ્રગતિ સહયોગ કરે તે માટે સ્વામી વિવેકાનંદ ના જીવન પ્રસંગોની વાત કરવામાં આવેલ.

## ગણેશ ઉત્સવ" દરમ્યાન વિધ્ન નાખી તોડફોડ કરનારા વિધર્મીઓ આ બાંગ્લાદેશ કે પાકિસ્તાન નથી. બ્રહ્મ સેના

તાજેતરમાં ગણેશ ઉત્સવ દરમ્યાન સુરત ખાતે તોડફોડ કરનારા વિધર્મીઓ ન ભુલે કે તે ભારત માં રહે છે, આ પાકિસ્તાન કે બાંગ્લાદેશ નથી કે કેન્દ્ર સરકાર કે રાજય સરકાર મૌન રહે ગૃહ મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવી એ બદલ રાજય સરકાર, ગૃહ મંત્રાલય અને પોલીસ તંત્ર નો હૃદયપૂર્વક આભાર. તાજેતરમાં જ આગામી તારીખ:૧૬- સપ્ટેમ્બર ના રોજ મુસ્લિમ ધર્મ નો તહેવાર ઈદે મિલાદે આવી રહ્યો છે એ ન ભુલવું જોઈએ કે હજુ સુધી માં કોઈ મુસ્લિમ તહેવાર ઉજવણી માં કોઈ હિન્દુ ધર્મ ના સંગઠન દ્વારા વિધ્ન નથી નાખ્યા.

રામનવમી કે હનુમાન જન્મોત્સવ પ્રસંગે ગત દિવસો માં પણ પથ્થરો ફેકીને શાંતિ માં અટક ચાળા કરી કોમી તોફાનો કરવાનો પ્રયત્ન કરે છે એ વિધર્મીઓ ન ભુલે કે તેઓ હિન્દુસ્તાન માં રહે છે બાંગ્લાદેશ કે પાકિસ્તાન માં નહી. બ્રહ્મ સેના અધ્યક્ષ જગદીશ રાવલ ની અખબારી યાદી જણાવે છે.

## પાટનગર માં ફરી પાછું સેકટર ૧૩ માં ગરબા ગ્રાઉન્ડ મોકળું કરવા વૃક્ષ છેદન ની અરજીઓ કોમર્શિયલ ગરબા ગ્રુપ કરી

ગાંધીનગરમાં વર્ષોથી કોમર્શિયલ ક્લબના નામે લોકો પાસેથી ફી ઉઘરાવીને નવરાત્રીમાં ગરબા ના આયોજનો કરવામાં આવે છે અને જુદા જુદા મેદાનો પોતપોતાની સરકારી વગ દ્વારા મેળવી ને સેન્ટરની નવરાત્રી ખતમ થઈ ગઈ હોય તેમ હવે સેક્ટર ના ગ્રાઉન્ડ ઉપર આ લોકો કરવા લાગ્યા છે. સેક્ટર ૧૩ ના વસાહતીઓએ સરકારમાં ફરિયાદ કરી છે કે આવા કોમર્શિયલ ગ્રાઉન્ડ તૈયાર કરવા માટે વૃક્ષો કાપવામાં ન આવે તેમ છતાં પણ તંત્ર હવે આ બાબતે શું આ કોમર્શિયલ ક્લબને લાભ આપશે કે પછી સ્થાનિક પ્રજાને ન્યાય આપશે. છેલ્લા ઘણા લાંબા સમયથી રામકથા મેદાન સેક્ટર ૧૧ માં થતા વૈભવી ક્લબના ગરબા હવે સેક્ટર ૧૩ માં આ ક્લબ પોતાના સભ્યોની ઉઘરાવેલી ફી ના અનુસંધાનમાં કરવા જઈ રહી છે પરંતુ સ્થાનિક લોકોની માગણી છે કે આ ક્લબ દ્વારા વૃક્ષોનું નિકંદન કાઢવામાં ન આવે અને સેક્ટરની શાંતિ હણાઈ ના જાય તે માટે પરસ્પર સરકારી ખાતામાં અરજીઓ કરવામાં આવી છે. ગાંધીનગરમાં આવી ત્રણ ચાર કોમર્શિયલ ક્લબ અને જુદા જુદા સંયુક્ત ફાઉન્ડેશન દ્વારા જોડાણ કરીને નવરાત્રી મહોત્સવ થઈ રહ્યા છે અને તેમની આંતરિક જૂથબંધી ની ખેચતાણમાં રાજકીય જુદા જુદા નાના મોટા નેતાઓ પણ આ જુદી જુદી ક્લબ ફાઉન્ડેશનમાં વહેંચાઈ ગયા છે તે પ્રજામાં ચર્ચાનો મુદ્દો છે કે આ વખતે કોણ ક્યાં હશે અને કોણ ક્યાં જશે અને કોણ કોને કેવી મદદ કરશે અને કોની નવરાત્રી સારી થાય છે નાની થાય છે કે મોટી થાય છે તેનું મૂલ્યાંકન પણ પાટનગર ની પ્રજા કરશે.

# વધઈથી ભેડમાળને જોડતો રસ્તો બિસ્માર બન્યો

આહવા-ડાંગ

ડાંગ જિલ્લા પચાયતનાં બાધકામ વિભાગનાં કાર્યપાલક ઈજનેર આર.બી.ચૌધરીનાં તાબા હેઠળ આવતાં માર્ગ-મકાન પેટા વિભાગ વધઈ નાં નાયબ ઈજનેર તરમીશ પટેલ હસ્તક આવતાં ૨૩ કિ.મી નો વધઈ થી ભેડમાળ રસ્તોં છે જે રસ્તા પર બોરપાડા, દગડીઆબા, મલીન, લવાર્યા, ભેંડમાળ, વાધમાળ, આમ સળવણ છે આ રસ્તા પરથી શોર્ટકટ આહવા-વધઈ રસ્તા પરથી ધુલચોંડ થઈને આમસરવળણ થી ભેંડમાળ ગામ થઈને સાપુતારા-વધઈ રસ્તા પર આવેલ નાનાપાડા ગામને જોડાઈ છે જયારે મલીન ગામ થી વાધમાળ નાનીદાબદર, બાજ રસ્તાને જોડતો શોર્ટકટરસ્તો છે ખુબ ઊપયોગી ૩૦ થી ૪૦ કિ.મીનો રસ્તાનો ચકરાવો ઓછો થઈ જાય છે અને વાહન ચાલકો માટે ખુબ ઊપયોગી છે ડાંગ જિલ્લા પચાયતનાં ઈજનેરો એ આ રસ્તા કાળજી કે દેખરેખ રાખી નથી જેનાં કારણે ચોમાસા શરૂ થતાં ની સાથે ભેંડમાળ –વધઈ રસ્તા પર મસમોટા ખાડાઓ પડી ગયાં છે ડામર રસ્તા માંથી ડામર ગાયબ થઈ ગયું છે જે છુટી-છવાઈ કપચી



છે તેનાં પરથી બાઈક,જીપ,ટ્રક તથા ફોરવ્હીલર વાહનચાલકોનાં વાહનો સ્લીપ થઈ જાય છે જેનાં કારણે અવાર-નવાર ના-મોટા અકસ્માતો થઈ રહયાં છે રસ્તા પરથી રોજબરોજ પસાર થતાં વાહનચાલકો રસ્તાનાં આજુબાજુ રહેતાં લોકો માંગ કરી રહયાં છે કે રસ્તા પરનાં ખાડાઓ રસ્તાનું રિપેરીગ તાત્કાલિક કરવું જોઈએ

૧.નિર્મળાબેન સુભાષ ગાઈન-પ્રમુખ જિલ્લા પચાયત,ડાંગ તેમને જણાવ્યું હતું કે લોકોએ મને વારંવાર ફરીયાદ કરી છે રસ્તા પર મોટા ખાડાઓ પડી ગયાં છે પરંતુ વરસાદ ચાલું હોવાથી રિપેરીગની કામગીરી થઈ ન હતી પરંતુ આજે ફરી મે રસ્તા પરથી પસાર થયો હતો જે બાદ નાયબ ઈજનેર તાત્કાલિક રસ્તામાં પડેલાં ખાડા ઓ તથા રસ્તાનું રિપેરીગ કામગીરી કરવાનો આદેશ આપ્યો છે

૨.ચંદરભાઈ ગાવિત-વધઈ તાલુકા પચાયત પ્રમુખ

હું લવાર્યા ગામ માં રહું છું રોજ લોકોની ફરીયાદ આવે છે જે બાબતે વધઈ નાં નાયબ ઈજનેર ને ફરીયાદ કરી છે પરંતુ વરસાદ ચાલું હોવાથી રસ્તા રિપેરીગની કામગીરી શરૂ થઈ નથી ટુંક સમય ચાલું કરવામાં આવશે

૩.ટી.આઈ.પટેલ નાયબ ઈજનેર,વધઈ રસ્તાં નું નવીનીકરણ થવાનું જ છે છતાં લોકોને રાહત મળે તે હેતું થી ભેડમાળરસ્તા માં પડેલાં ખાડાઓ તથા રિપેરીગની કામગીરી તાત્કાલિકા કરવામાં આવશે.

### લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત લઈને

## મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવતા આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ

કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવની પરિસ્થિતિને લઈને આજરોજ આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત લીધી હતી. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ ગામના સરપંચશ્રી રમઝાન ઓઝાત અને જત સમુદાય અગ્રણીશ્રી ઝકરીયા હાજી નુર મોહમ્મદ તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરીને આરોગ્યની પ્રવર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો.



બંને મંત્રી શ્રી એ મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે મૃતકોના પરિવારજનોને દિલાસો આપીને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દુ:ખની ઘડીમાં તેમની પડખે ઊભી છે. બીમારીનું મૂળ કારણ શોધીને હવે કોઈ જ નાગરિકે જીવ ગુમાવવા ના પડે એ રાજ્ય સરકારશ્રીની પ્રાથમિકતા છે તેમ આરોગ્ય મંત્રીશ્રીએ વિશ્વાસ સાથે જણાવ્યું હતું.

પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ ગ્રામજનોને સરકારની આરોગ્ય ટીમને સહકાર આપી શરદી, ઉધરસ, તાવ કે નબળાઈ જેવા કોઈપણ લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરીને પૂરતી સારવાર લેવા અનુરોધ કર્યો હતો. સમયસર સારવાર લેવાથી જીવ બચી શકે છે એ બાબત ઉપર ભાર મૂકીને પ્રભારીમંત્રીશ્રીએ આરોગ્ય ટીમને સહયોગ આપવા અપીલ કરી હતી.

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ધનંજય દ્વિવેદીએ ગામના યુવાનોને આગેવાની લઈને સામાન્ય બીમારીમાં પણ કોઈપણ બેદરકારી દાખવ્યા વગર નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. આરોગ્ય મંત્રીશ્રી સાથે ગાંધીનગરથી આવેલા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ગ્રામજનોને રોગ અટકાયતી પગલાં વિશે સમજણ આપીને તકેદારી રાખવા જણાવ્યું હતું.

## સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિ, સેક્ટર-૨૨ રંગમંચ, ગાંધીનગર દ્વારા તેના સતત ૫૫ માં વર્ષે " ગાંધીનગર ચા રાજા" ના સાનિધ્યમાં નગરના કલાકારોને ઉત્તેજન આપવા માટે વૈવિધ્યસભર કાર્યક્રમનું સુચારૂ આયોજન




સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિ, સેક્ટર-૨૨ રંગમંચ, ગાંધીનગર દ્વારા તેના સતત ૫૫ માં વર્ષે " ગાંધીનગર ચા રાજા" ના સાનિધ્યમાં નગરના કલાકારોને ઉત્તેજન આપવા માટે વૈવિધ્યસભર કાર્યક્રમનું સુચારૂ આયોજન થતું હોય છે .

જેના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં, યુવાનોમાં દેશભક્તિ ની લહેર પ્રસરે તેવા ઉમદા હેતુથી 'દેશભક્તિ નૃત્ય ગીત સ્પર્ધા 'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ ક્રમે

આર એન પટેલ પ્રાથમિક શાળા,

બીજા ક્રમે એમ બી પટેલ કન્યાશાળા ,

ત્રીજા ક્રમે સોનીપુર પ્રાથમિક શાળા વિજેતા રહ્યા હતા

અને માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા સમર્પણ મૂક બધિર શાળા, બીજા ક્રમે એમ બી પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલઅને ત્રીજા ક્રમે શેઠ સી .એમ .શાળાવિજેતા રહ્યા હતા.વિજેતાઓને ઇનામો સમિતિના અધ્યક્ષ શ્રી નિશીત ભાઈ વ્યાસ ,શ્રી એસ કે પટેલ ( કાવ્યરત્ન પરિવાર ) અને સાથી મહાનુભાવના વરદ હસ્તે એનાયત કરાયા હતા .

આ સાથે જ નિર્ણાયક તરીકેની અમૂલ્ય સેવાઓ શ્રી હરેન્દ્રસિંહ રાઠોડ, નીતિનભાઈ દવે અને પ્રણાલી ગાંધી દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર ના આ લોકોત્સવ માં શ્રી ગણેશજી ની આરતી તથા પુજા માં સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર ના પ્રમુખ શ્રી નરેશ ભાઇ દવે, મહામંત્રી મુકેશભાઈ શુકલ, મૌલિક ભાઇ દવે, મુંજાલભાઇ રાવલ, આશિષ પંડિત, ઉર્પલ ભાઇ જોષી, પંકજભાઈ શુકલ, રાજેશ પંચોલી તથા પાર્થ પુરોહિત તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ મહીલા પાંખ ના પ્રમુખ ભારતીબેન જોષી,દીનાબેન ભટ્ટ, અને વર્ષાબેન શુક્લા તથા સેકટર-૨૨ વેપારી અગ્રણી શ્રી કાલિદાસ પટેલ, વીરભદ્ર સિંહ વાઘેલા, પ્રકાશ સુખડિયા નરેશભાઈ દરજી, આશિષભાઈ, પરેશભાઈ ધાંધલિયા,રાહુલભાઈ તથા ઘનશ્યામભાઈ ઉપસ્થિત રહ્યાં હતાતેમજ રાધે સ્વીટ પરિવાર ના શ્રી મહેશભાઈ સુખડીયા અને વિપુલભાઈ સુખડીયા સહ પરિવાર દ્વારા આરતી પૂજા સાથે લાડુ પ્રસાદ નું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ નું અત્યંત સફળ સંચાલન ૧ સંકલન ડો.ચેતનબેન બૂચ અને જાનકીબેન પટેલ કર્યું હતું. કાર્યક્રમ સફળ બનાવ માટે શૈલેન્દ્રસિંહ બિહોલા યુવરાજસિંહ રાણા, વૈભવ જાની, મિતુલ જોષી, રાકેશ જાની, મુકેશ મારૂ, અશ્વિનભાઈ દવે અને સાથી સમિતિ ના કાયકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આવતીકાલ તા: ૧૨/૯/ ૨૦૨૪, ગુરુવાર ના

સમય। રાતે ૮:૦૦ કલાકે

ગુજરાત સરકારના માહિતી ખાતાના ઉપક્રમે

ચિરાગ સોની મેલોડી મેકર્સ દ્વારા "મ્યુઝીકલ નાઈટ"

નું આયોજન કરેલ છે

ગાંધીનગરની સંગીત પ્રેમી જનતા ને લાભ લેવા ભાવ ભર્યું નિમંત્રણ છે ??

### રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ પરિવાર દ્વારા

## ગણેશજીની મૂર્તિનું વિસર્જન કર્યા બાદ તે માટીને કુંડામાં ભરીને ફૂલ છોડ વાવવા માટે મૂર્તિમાં યોગદાન આપનાર ભક્તોને અર્પણ કરાય છે

ગાંધીનગર

રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ પરિવાર દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે આ ગણેશજીની મૂર્તિનું સ્ટાફ ક્વાર્ટર ખાતે જ કુંડ બનાવી વિસર્જન કરવામાં આવ્યું હતું. મૂર્તિને વિસર્જન કર્યા બાદ તે માટીમાંથી કુંડામાં માટી ભરી તેમાં ફૂલ છોડ વાવામાં માટે મૂર્તિમાં યોગદાન આપનાર ભક્તોને અર્પણ કરવામાં આવે છે.

રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ પરિવાર દ્વારા ૧૯૯૫ થી ગણેશ મહોત્સવનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. દર વર્ષે ગણેશ ઉત્સવનું આયોજન દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.



આ વર્ષે ગણેશ મહોત્સવની ઉજવણી અંતર્ગત પ્રથમ દિવસે બાળકો માટે અને મોટાઓ માટે આપણી ભાતીગળ રમતો જેવી કે, લીંબુ ચમચો ખોખોનું આયોજન કરવામાં આવ્યું હતું તેની સાથે બીજા દિવસે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ દ્વારા ગણેશ મહોત્સવ અંતર્ગત દર વર્ષે ૫૬ ભોગનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન દરમ્યાન સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા પરિવારો દ્વારા વિવિધ ફરસાણ, મીઠાઈઓ અને વાનગીઓ બનાવવામાં આવે છે. તેનો ભોગ ગણેશજીને ધરાવી સર્વે લોકો પ્રસાદને આરોગે છે. ગણેશ મહોત્સવ અંતર્ગત ગઈકાલે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને દીવાઓ થકી શંકર ભગવાનની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આ કાર્યક્રમ બાદ આજે ગણેશજીની મૂર્તિની પૂજા અર્ચના કર્યા બાદ પૂર્ણ શ્રદ્ધા સાથે સ્ટાફ ક્વાર્ટરમાં જ એક કુંડ બનાવી તેનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.